१\

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ- રસક/૧૨૨૦૧૮/૧૬૮૦૮/ર,

સચિવાલય, ગાંધીનગર.

તા. /૦૪/૨૦૧૮

05 APR 2018

સંદર્ભઃ- (૧) ગુજરાત જાહેર સેવા આયોગનો તા. ૨૧/03/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ- EST/O.A./102018/E

## ઠરાવ

**પ્રસ્તાવનાઃ-**

ઉપર વંચાણે લીધેલ ક્રમ(૧) ઉપરના ગુજરાત જાહેર સેવા આયોગના તા. ૨૧/03/૨૦૧૮ના પત્ર દ્વારા આયોગના મહેકમ પર ઓફીસ આસીસ્ટન્ટ વર્ગ-3 સંવર્ગની ૭ નવી જગ્યાઓ ₹ ૧૬.૭૨ લાખના ખર્ચે ઊભી કરવાની દરખાસ્ત કરવામાં આવેલ હતી. નાણાકીય વર્ષ-૨૦૧૮-૧૯ માટે આયોગના મહેકમ પર ઓફીસ આસીસ્ટન્ટ વર્ગ-3 સંવર્ગની ૭ નવી જગ્યાઓ ₹ ૧૬.૭૨ લાખના ખર્ચે ઊભી કરવાની દરખાસ્તની નવી બાબતને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે. ત્યારબાદ ઉકત દરખાસ્તને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**હુકમઃ-**

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત જાહેર સેવા આયોગના મહેકમ પર ઓફીસ આસીસ્ટન્ટ વર્ગ-3 સંવર્ગની ૭ નવી જગ્યાઓ (પગારધોરણ ₹ ૧૯૯૦૦-૬૩૨૦૦, ૭માં પગારપંચ મુજબ ફીક્સ પગાર ₹ ૧૯૯૦૦/- ) ₹ ૧૬.૭૨ લાખના ખર્ચે ઊભી કરવાની દરખાસ્તની નવી બાબતને નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧.) વર્ગ-3ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા. ૧૬/૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા. ૪/૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

૨.) જે તે જગ્યાના પગાર ધોરણો આર.ઓ.પી. -૨૦૧૬ પ્રમાણે છે કે કેમ? તે ચકાસી લેવાની જવાબદારી કચેરીની રહેશે.

૩.) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારોને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણા વિભાગના તા.

---

Scanned by CamScanner

૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ- નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦(પા.ફા.)/પની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે તથા આ અંગેના વખતોવખત બહાર પાડેલ અને ભવિષ્યમાં બહાર પડનાર હુકમો સીધી ભરતીથી નિમણૂંક પામેલ ઉમેદવારોને લાગુ પડશે.

૪.) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે કચેરીએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૫.) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૬.) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ અંગેનો ખર્ચ નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં જે તે નાણાકીય વર્ષમાં જગ્યા ભરાય ત્યારથી કરવાનો રહેશે.

૭.) કમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૮.) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૯.) નવી મંજૂર કરેલ જગ્યા તા. ૨૮/૨/૨૦૧૯ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યાર બાદ જગ્યા વખતોવખત ચાલુ રાખવાની થાય તો કચેરીએ જગ્યા લંબાવવાની દરખાસ્ત રજૂ કરી મંજૂરી મેળવવાની રહેશે.

૧૦.) સનઃ ૨૦૧૮-૧૯ના વર્ષમાં અંદાજપત્રમાં થયેલ જોગવાઇને આધિન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.

૧૧.) જે હેતુ માટે જોગવાઈ થયેલ છે, તે જ હેતુ માટે ખર્ચ કરવાનો રહેશે. આ જોગવાઈમાંથી જો બચત રહે તો નિયત સમય મર્યાદામાં સરેન્ડર કરવાની રહેશે. બચતનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ-૩૨ ના મુખ્ય સદર ૨૦૫૧- જાહેર સેવા આયોગ, ગૌણ સદર ૧૦૨- રાજ્ય જાહેર સેવા આયોગ, પેટા સદરઃ૦૧-ગુજરાત જાહેર સેવા આયોગ (આયોજન બહાર-બીન મતપાત્ર) ખાતે ઉધારવાનો રહેશે, અને તે વર્ષ ૨૦૧૮-૧૯ ના બજેટમાં મંજૂર થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

Scanned by CamScanner

૩.  આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૩૧/૩/૨૦૧૮ની નોંધ અન્વયે મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.કે.જોષી)
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

નકલ રવાના:-

-માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની કચેરીની બાજુમાં, સેક્ટર ૧૦ એ, છ રોડ,ગાંધીનગર
-અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-નાણા સલાહકારશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-મહાલેખાકાર(એ એન્ડ ઇ ), અમદાવાદ/ રાજકોટ.
-પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર
-મુકામી તપાસણી અધિકારી, ગાંધીનગર.
-સામાન્ય વહીવટ વિભાગ/ લ શાખા
-સિલેક્ટ ફાઇલ

Scanned by CamScanner